# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-07-2024** **Evening : 7.50 to 8.00**

**Day : Friday** **National News**

## આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે નવી દિલ્હીમાં રક્ષા વીરતા સમારોહમાં પ્રથમ શ્રેણીના પુરસ્કારો પ્રદાન
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારથી ત્રણ દિવસના રશિયા અને ઑસ્ટ્રિયા પ્રવાસે જશે
- ✓ ભારતના સંરક્ષણ ઉત્પાદનમાં અત્યાર સુધીનો સૌથી મોટો ઉછાળો, પ્રધાનમંત્રીએ સિદ્ધિ બદલ સરાહના કરી
- ✓ બ્રિટનમાં 14 વર્ષ બાદ લેબર પાર્ટીને બહુમત મળતા, પદમાનિત કિઅર સ્ટાર્મરને સરકાર રચવાનું આમંત્રણ
- ✓ અને મહિલા આંતરરાષ્ટ્રીય ટી20 શ્રેણીની પ્રથમ મેચમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મુકાબલો

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## EARLY-PREZ - GALLANTARY AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે રક્ષા વીરતા સમારોહ – 2024ના પ્રથમ શ્રેણીના પુરસ્કાર પ્રદાન કરી રહ્યા છે. આ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સંરક્ષણમંત્રી રાજનાથસિંહ, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી ઉપસ્થિત રહ્યા.

## KERALA-VP VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આવતીકાલથી કેરળના બે દિવસના પ્રવાસે જશે. આવતીકાલે સવારે તેઓ તિરુવનંતપુરમ ખાતે અવકાશ વિજ્ઞાન અને ટેક્નૉલોજી સંસ્થાન- IISTના 12માં પદ્વીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે, અને ટોચના વિદ્યાર્થીઓંનું સન્માન કરશે. ઇસરો અને IISTના અધ્યક્ષ એસ. સોમનાથ ઉપરાંત સંસ્થાના વરિષ્ઠ અધિકારીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. પદવીદાન સમારોહ બાદ ઉપરાષ્ટ્રપતિ કોલમ રવાના થશે, અને ત્યારબાદ રવિવારે નવી દિલ્હી પરત ફરશે.

## PM RUSSIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારથી ત્રણ દિવસના રશિયા અને ઑસ્ટ્રિયા પ્રવાસ માટે રવાના થશે. યાત્રા દરમિયાન તેઓ 22મા ભારત-રશિયા શિખર સંમેલનમાં ભાગ લેશે. આ સંમેલન બંને દેશો વચ્ચે સંરક્ષણ, વેપાર, રોકાણ, ઊર્જા, શિક્ષણ, વિજ્ઞાન તેમજ ટેક્નૉલોજી, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના સંબંધો પર કેન્દ્રિત હશે.

વિદેશ સચિવ વિનય મોહન ક્વાત્રાએ નવી દિલ્હીમાં સંમેલન વિશે માહિતી આપતા જણાવ્યું કે, શ્રી મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમિર પુતિન બંને દેશો વચ્ચે બહુપક્ષીય સંબંધોની સમીક્ષા કરશે. સાથે જ પારસ્પરિક હિત સંદર્ભેના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા થશે.

તેમણે કહ્યું કે બંને દેશોના નેતા બ્રિક્સ, શંઘાઈ સહકાર સંગઠન, જી20, પૂર્વીય શિખર સંમેલન અને સંયુક્ત રાષ્ટ્રમાં દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરશે. આ પ્રવાસ દરમિયાન રશિયન સેના દ્વારા ગેરમાર્ગે દોરાયેલા ભારતીય નાગરિકોનો મુદ્દો પણ ચર્ચાઇ શકે છે. વિદેશ સચિવે કહ્યું કે પ્રધાનમંત્રી મૉસ્કોમાં ભારતીય સમુદાય સાથે વાતચીત કરશે.

પ્રધાનમંત્રી મંગળવારે અને બધુવારે ઑસ્ટ્રિયાનો પ્રવાસ કરશે. આ તેમનો પ્રથમ ઑસ્ટ્રિયા પ્રવાસ છે. દરમિયાન તેઓ ઑસ્ટ્રિયાના રાષ્ટ્રપતિ અને ચાન્સેલર સાથે બેઠક કરશે.

## PM DEFENCE PRODUCTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2023-24માં સંરક્ષણ ઉત્પાદન મૂલ્યમાં સૌથી મોટો ઉછાળો થતા દેશની સરાહના કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ તેને ઉત્સાહજનક ગણાવ્યું. તેમણે આ સિદ્ધિમાં સહભાગી સૌને શુભેચ્છા પાઠવતા લખ્યું કે સરકાર

સંક્ષણ ક્ષેત્રની આ ક્ષમતાના વધુ વિકાસ તેમજ દેશને અગ્રણી વૈશ્વિક સંરક્ષણ વિનિમય કેન્દ્ર તરીકે સ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે લખ્યું કે આનાથી દેશની સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનશે અને દેશ આત્મનિર્ભર બનશે.

ઉલ્લેખનીય છે કે ગત વર્ષે દેશનું સંરક્ષણ ઉત્પાદનનું મૂલ્ય અંદાજે 1 લાખ, 26 હજાર, 887 કરોડ રૂપિયા નોંધાયું છે. જે અગાઉના વર્ષ કરતા 17 ટકા વધારે છે. સંરક્ષણ ક્ષેત્રે થતા ઉત્પાદનમાં આ અત્યાર સુધીનો સૌથી મોટો ઉછાળો છે.

## ASHWINI VAISHNAV- RAILWAYS

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ભારતીય રેલવે આ વર્ષે 2 હજાર, 500 જેટલા સામાન્ય કોચનું ઉત્પાદન કરશે, અને સમય જતાં આ ક્ષમતાને 10 હજાર કોચ સુધી લઈ જવાશે. ભારતીય રેલવેના ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય અને અગ્રણી વિમાન નિર્માતા એરબસ વચ્ચે એક સમજૂતિ પર હસ્તાક્ષર પ્રસંગે બોલતા તેમણે કહ્યું કે, રેલવેની મુખ્ય પ્રાથમિકતા આર્થિક રીતે નબળા તેમજ મધ્યમ વર્ગની જરૂરિયાતો પૂરી કરવાનું છે. શ્રી વૈષ્ણવે ઉમેર્યું કે પાછલા વર્ષે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જે બે અમૃત ટ્રેનોને લીલી ઝંડી બતાવી તે પણ આ હેતૂને અનુરૂપ હતી. શ્રી વૈષ્ણવે એમ પણ કહ્યું કે રેલવે, ઉનાળુ વેકેશનની માગને પૂરી કરવા માટે લગભગ 10 હજાર વિશેષ ટ્રેન ચલાવી રહ્યું છે. તેમણે જણાવ્યું કે વધુ 50 ‘અમૃત ભારત’ ટ્રેનોનું નિર્માણ શરૂ થઈ ચૂક્યું છે, અને ‘કવચ’નું અમલીકરણ પણ ઝડપથી થઈ રહ્યું છે.

## HC KEJRIWAL

દિલ્હી હાઇકોર્ટે આબકારી નીતિ મામલે કથિત મની લૉન્ડ્રીંગ કૌભાંડના કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન અરજી પર સુનાવણી કરતા સીબીઆઈને નોટિસ પાઠવી છે. ન્યાયાધીશ નિના બંસલ ક્રિષ્ણાએ તપાસ એજન્સીને આ મામલે 17 જુલાઈ સુધી જવાબ દાખલ કરવા જણાવ્યું.

સુનાવણી દરમિયાન સીબીઆઈના વકીલે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દ્વારા નીચલી અદાલતને બદલે વડી અદાલતમાં જામીન અરજી કરવા અંગે વિરોધ નોંધાવ્યો હતો.

જોકે ખંડપીઠે કહ્યું કે તે આ દલીલ પર ભવિષ્યમાં વિચાર કરશે, દરમિયાન તપાસ સંસ્થાને જવાબ દાખલ કરવા નિર્દેશ કર્યો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલૉ કરી શકો છો...

## EVE. HATHRAS STAMPEDE

કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આજે હાથરસ પીડિતોના પરિવાજનો સાથે મુલાકાત કરી હતી. મૃત્યુ પામેલા મોટાભાગના લોકો આર્થિક રીતે વંચિત પરિવારોના હોઈ, પીડિતો સાથે મુલાકાત બાદ તેમણે અસરગ્રસ્ત પરિવારોને વધુમાં વધુ મળતર મળવા પર ભાર મૂક્યો હતો. શ્રી ગાંધીએ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને સમયસર વળતર આપવા માટેનો આગ્રહ કર્યો.

બીજી તરફ, દુર્ઘટનાની તપાસ માટે રચાયેલ વિશેષ તપાસ દળ – SIT એ મુખ્યમંત્રીને 15 પાનાનો અહેવાલ સોંપ્યો છે, જેમાં વહીવટી અધિકારીઓ તેમજ કાર્યક્રમમાં હાજર રહેલા અંદાજે 100 લોકોના નિવેદન સહિતની વિગતો સામેલ છે.

બે જુલાઈએ હાથરસના એક ગામમાં ધાર્મિક કાર્યક્રમ દરિયાન થયેલી નાસભાગમાં 121 લોકોના જાન ગયા હતા. ધાર્મિક ઉપદેશક નારાયણ સાકાર હરિ, જેમને ભોલે બાબાના નામથી પણ ઓળખે છે, તેમના દ્વારા આયોજીત સત્સંગમાં દુર્ઘટના સર્જાઈ હતી.

## NEET-PG EXAM

તીબીબી વિજ્ઞાનમાં અનુસ્નાતક માટેની NEET – PGની પ્રવેશ પરીક્ષા 11 ઑગસ્ટના રોજ, બે ભાગમાં લેવાશે. તબીબી વિજ્ઞાન સંદર્ભેના રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડે પરીક્ષાનું નવું સમયપત્રક જાહેર કર્યું છે. ગત મહિને નીટ-યૂજીમાં કથિત ગેરરીતિ બાદ આ પરીક્ષા રદ્દ કરી દેવામાં આવી હતી. વિદ્યાર્થીઓની રજૂઆત બાદ પરીક્ષાની નવી તારીખ જાહેર કરાઈ છે.

# UK GENERAL ELECTION

બ્રિટનમાં 14 વર્ષ બાદ સત્તાપરિવર્તન થયું છે. બ્રિટનની સામાન્ય ચૂંટણીમાં રિષિ સુનકના નેતૃત્વમાં કન્ઝર્વેટિવ પાર્ટીનો કારમો પરાજય થયો છે. પારંભિક પરિણામોમાં વિપક્ષી લેબર પાર્ટીએ 300થી વધુ બેઠકો જીતી લીધી છે, રિષિ સુનકના કન્ઝર્વેટીવ પક્ષે 120થી વધુ બેઠકો જીતી છે. કિઅર સ્ટાર્મર બ્રિટનના નવા પ્રધાનમંત્રી બનવા જઈ રહ્યા છે, તેમણે ડાઉનસ્ટ્રીટ ખાતે પ્રથમ ભાષણ આપતા કહ્યું કે, હું સેવા માટે બનેલી આ સરકારમાં જોડાવવા સૌને આમંત્રણ આપું છું. વધુમાં તેમણે કહ્યું કે તેમની સરકાર સ્થિર અને સંયમિત પુનઃ નિર્માણ માટે કટિબદ્ધ છે.

આ પૂર્વે બ્રિટનના રાજા ચાર્લ્સ, સ્ટાર્મરને બંકિંઘમ પેલેસમાં મળ્યા હતા અને સરકાર રચવાનું આમંત્રણ આપ્યું હતું. આ તરફ રિષિ સુનકે પ્રધાનમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. તેમણે હાર સ્વીકારતા કહ્યું કે બ્રિટનની જનતાએ સંયમિત ચૂકાદો આપ્યો છે.

# WOMEN CRICKET

**આજથી મહિલા આંતરરાષ્ટ્રીય ટી20 શ્રેણીનો પ્રારંભ થયો છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચેન્નઈમાં પ્રથમ મેચ રમાઈ રહી છે. જેમાં ભારતીય ટીમે ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. મેદાનમાં ઉતરેલી દક્ષિણ આફ્રિકાની ટીમે 12 ઓવરમાં 1 વિકેટના નુકસાને 101 રન બનાવ્યા.**

**ઉલ્લેખનીય છે કે પૂર્વે હરમન પ્રીત કૌરના નેતૃત્વમાં ભારતીય ટીમે દક્ષિણ આફ્રિકાને ત્રણ દિવસની ટેસ્ટ સિરિઝમાં ક્લિન સ્વીપ કરતા માત્ર એક ટેસ્ટ મેચમાં 10 વિકેટથી હરાવી હતી.**

# CALIFORNIA - WILDFIRE

ઉત્તરીય કેલિફોર્નિયાનાં જંગલોમાં દાવાનળને કારણે અંદાજે 28 હજાર લોકોને સ્થળાંતરિત કરવાની ફરજ પડી છે. કેલિફોર્નિયાના વન અને આગ બચાવ વિભાગ અનુસાર થોમ્પસન વિસ્તારમાં ગયા મંગળવારે લાગેલી આ આગ શહેરના 3 હજાર, 700 એકર સુધી ફેલાઈ ચૂકી છે.